ગુજરાત નાણા પંચની ભલામણો.
નગરપાલિકાના કર્મચારીઓની ભરતી/ નિમણૂંક તેમજ જગ્યાઓ મંજૂર કરવા અંગે.

ગુજરાત સરકાર,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: જીએફસી/૧૧૨૦૦૦/૨૫૦૦/ર,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૨/૮/૨૦૦૦.

**આ મુ ખ :-**

રાજ્ય સરકારે પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના તારીખ:૧૫/૯/૯૪ ના જાહેરનામાંથી રાજય નાણાપંચની રચના કરેલ. પંચની ભલામણોમાં રાજયની નગરપાલિકાઓમાં કર્મચારીઓની ભરતી, નિમણૂંક તેમજ જગ્યાઓ મંજૂર કરવાની બાબતમાં પણ જરૂરી ભલામણ કરેલ છે. આ ભલામણો સંદર્ભમાં રાજય સરકારે વિચારણા કરી છે.

**-: પ રિ પ ત્ર :-**

૧. ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ ની કલમ-૪૯(૧) ની જોગવાઈ મુજબ મુખ્ય અધિકારીએ નગરપાલિકાએ લીધેલા નિર્ણયો અને કરેલા ઠરાવોનો અમલ કરવા પગલાં લેવાનાં રહે છે. કલમ-૪૪ મુજબ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવા માટેની કારોબારીની સત્તા મુખ્ય અધિકારીમાં નિહિત થાય છે. આથી નગરપાલિકાના કર્મચારીઓની ભરતી/ નિમણૂંક કરવાની સત્તા મુખ્ય અધિકારીને રહેતી હોઈ નગરપાલિકાના કર્મચારીઓની ભરતી/નિમણૂંકના હુકમો મુખ્ય અધિકારીએ કરવાના રહે છે.

૨. ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૫૦(૧) ની જોગવાઈ પ્રમાણે નગરપાલિકાના કર્મચારીઓ અને અધિકારીઓ માટેની જગ્યા મંજૂર કરવાની સત્તા નગરપાલિકા નિયામકશ્રીને છે. પણ કરકસરની નીતિને ધ્યાને લેતાં હાલ જગ્યાઓ ઉભી કરવાની મંજૂરી રાજય સરકાર આપે છે. તે અંગે અગાઉ પણ સૂચનાઓ અપાઈ છે. તેમ છતાં આ બાબતના સંપૂર્ણ પાલન માટે ફરીથી આ બાબત ધ્યાને લેવાનું જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( સી.એમ.ગોહિલ )
સરકારના ઉપ સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

પ્રતિ,

- ગુજરાતના રાજયપાલશ્રીના સચિવશ્રી,
- મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,

૭૧૫

- અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- વિરોધપક્ષના નેતા, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય દંડકશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- બધાજ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,
- સચિવાલયના સર્વે વિભાગો,
- સર્વે જિલ્લા કલેકટરશ્રી,
- શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ હસ્તકના ખાતાના વડાઓ.
- પ્રાદેશિક નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજય, રાજકોટ.
- મુખ્ય અધિકારીશ્રીઓ, સર્વે નગરપાલિકાઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, ઓડીટ-૧, અમદાવાદ..
- એકાઉન્ટન્ટ જનરલ,(એકા.એન્ડ એન્ટા) અમદાવાદ/રાજકોટ.
- પ્રમુખશ્રી, ગુજરાત નગરપાલિકા પરિષદ, મુ.જી.આણંદ.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, અમદાવાદ-૯
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- વિભાગની સર્વે શાખાઓ.
- શાખા પસંદગી/ નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઇલ.

જી.